


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ચૈત્ર વદ તેરસ, શનિવાર ૨૬ એપ્રિલ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૪૬ પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# સિંધુ નદીનું એક ટીપું હવે પાકિસ્તાનને નહીં મળે

## અમિત શાહે તમામ મુખ્યમંત્રીઓને ફોન કર્યો, પાકિસ્તાનીઓને વહેલી તકે હાંકી કાઢવા સૂચના

**કેન્દ્રીય** ગૃહ મંત્રીએ પોતે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ફોન પર વાતચીત કરી

**સરકારે** ઠરાવેલી ડેડલાઇન પછી કોઇ પાકિસ્તાની તેમના રાજ્યમાં રહી નહીં જાય તે જોવા જણાવ્યું

**નવી દિલ્હી, તા. 25 (PTI):** કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને ફોન કોલ કર્યા હતા અને તેમને જણાવ્યું હતું કે તેઓ એ સુનિશ્ચિત કરે કે દેશ છોડવા માટે ઠરાવવામાં આવેલી આખરી મહેતલ પછી કોઇ પણ પાકિસ્તાની ભારતમાં રહી જાય નહીં.

પાકિસ્તાની નાગરિકોને જારી કરવામાં આવેલા તમામ વિઝા ૨૭ એપ્રિલથી પાછા ખેંચી લેવાની ભારતે ગુરુવારે જાહેરાત કરી હતી અને પાકિસ્તાનમાં રહેતા ભારતીય નાગરિકોને સલાહ આપી હતી કે તેઓ વહેલી તકે સ્વદેશ પાછા ફરે, જ્યારે બંને દેશો વચ્ચે પહેલગામમાં ૨૬ લોકોનો ભોગ લેનાર ત્રાસવાદી હુમલા અંગે તનાવ વકર્યો છે.

ગૃહ મંત્રીએ પોતે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને કોલ કર્યો હતો અને તેમને એ જોવાનું જણાવ્યું હતું કે કોઇ પાકિસ્તાની ડેડલાઇન પછી ભારતમાં રહે નહીં એમ સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીઓને તેમના સંબંધિત વિસ્તારોમાં રહેતા પાકિસ્તાની નાગરિકોની ઓળખ કરવા અને તેમના દેશનિકાલની ખાતરી કરવા માટે કહેવામાં આવ્યું હતું. વિઝા રદ કરવાની પ્રક્રિયા હિન્દુ પાકિસ્તાની નાગરિકોને પહેલાથી જ જારી કરાયેલા લાંબા ગાળાના વિઝા પર લાગુ પડતી નથી, જે વિઝા માન્ય જ રહેશે. ભારતે પહેલગામ હુમલા સાથે સરહદ પારની કડીઓને કારણે તાત્કાલિક અસરથી પાકિસ્તાની નાગરિકો માટે વિઝા સેવાઓ સ્થગિત કરવાની જાહેરાત કરી હતી, જે 26/11 ના મુંબઈ આતંકવાદી હુમલા પછી દેશના નાગરિકોને નિશાન બનાવતો સૌથી ખરાબ આતંકવાદી હુમલો હતો. વધુમાં, સરકારે બુધવારે જાહેરાત કરી હતી કે પાકિસ્તાની નાગરિકોને સાર્ક વિઝા મુક્તિ યોજના (SVES) હેઠળ ભારતની મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને SVES વિઝા હેઠળ હાલમાં ભારતમાં રહેલા કોઈપણ પાકિસ્તાની નાગરિક પાસે દેશ છોડવા માટે 48 કલાકનો સમય છે.

**અમિત** શાહની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક બાદ જલ શક્તિ મંત્રી સી આર પાટીલે કહ્યું: અમે સુનિશ્ચિત કરીશું કે સિંધુના પાણીનું એક ટીપું પણ પાકિસ્તાનમાં ન વહે

**સરકાર** 3 યોજનાઓ પર કામ કરી રહી છે, વધુ પાણીનો સંગ્રહ કરવા માટે ડેમની ક્ષમતામાં વધારો કરવામાં આવશે

**નવી દિલ્હી, તા. 25.** ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ શુક્રવારે જલ શક્તિ મંત્રી સી આર પાટીલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતમાંથી પાકિસ્તાનમાં એક ટીપું પણ પાણી ન વહે તે માટે સરકાર એક વ્યૂહરચના પર કામ કરી રહી છે. પાટીલે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઘણા નિર્દેશો જારી કર્યા છે, અને તેના પર ફોલોઅપ લેવા માટે બેઠક યોજવામાં આવી હતી અને શાહે તેમના અસરકારક અમલીકરણ માટે બેઠકમાં અનેક સૂચનો કર્યા હતા. તેમણે કહ્યું, "અમે સુનિશ્ચિત કરીશું કે ભારતમાંથી પાણીનું એક ટીપું પણ પાકિસ્તાનમાં ન વહે." શાહે મંગળવારે પહેલગામ આતંકવાદી હુમલા પછી પાકિસ્તાન સાથે ૧૯૬૦ની સિંધુ જળ સંધિને સ્થગિત રાખવાના ભારતના નિર્ણય બાદ ભાવિ કાર્યવાહીની ચર્ચા કરવા માટે બેઠક યોજી હતી. પાટીલે બાદમાં એક્સ પર પોસ્ટ કર્યું હતું કે,

...અનુસંધાન પાના 11 પર

### શું છે લાંબા ગાળાની યોજનાઓ?

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય પ્રધાનોએ અનેક સૂચનો પર વિચાર-વિમર્શ કર્યો હતો, જ્યારે કેન્દ્ર તેના નિર્ણયનો અમલ કરતી વખતે કાનૂની સહિત દરેક પડકારોનો સામનો કરવા તૈયાર છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, "જો પાકિસ્તાન વિશ્વ બેંકનો સંપર્ક કરવાનો નિર્ણય લે છે, તો પણ ભારતે તેનો પ્રતિસાદ તૈયાર કરી લીધો છે અને અસરકારક રીતે તેનો સામનો કરશે." સૂત્રોએ જણાવ્યું હતું કે લાંબા ગાળાની યોજનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, જેમાં બંધોને ડિસિલ્ટિંગ, નદીના પાણીનું ડાયવર્ઝન અને નવા ડેમના નિર્માણનો સમાવેશ થાય છે. તેઓએ જણાવ્યું હતું કે, ભારતના એજન્ડામાં સૌથી ટોચનું સ્થાન પૂર અને દુષ્કાળના વ્યવસ્થાપન માટે મહત્ત્વપૂર્ણ એવા પાકિસ્તાનને હાઇડ્રોલોજિકલ

...અનુસંધાન પાના 11 પર

### સિંધુ જળ સંધિ સ્થગિત થતા પાકિસ્તાને વિવાદાસ્પદ નહેર પ્રોજેક્ટ રદ કર્યો

**ઈસ્લામાબાદ.** પહેલગામમાં થયેલા ઘાતક આતંકવાદી હુમલાને પગલે ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો નિર્ણય લીધા બાદ પાકિસ્તાન સરકારે વિવાદાસ્પદ નહેર પ્રોજેક્ટને રોકવાનો નિર્ણય લીધો છે. સેના પ્રમુખ જનરલ અસીમ મુનીર અને પંજાબના

...અનુસંધાન પાના 11 પર



## પહેલગામ હુમલો: લશ્કરે તૈયબાના બે ત્રાસવાદીઓના ઘરો નષ્ટ

**શોધખોળ** દરમ્યાન ઘરમાં રખાયેલા વિસ્ફોટકો ફાટ્યા, તેના પછી આ બંને મકાનો તોડી નંખાયા

**આમાંથી** એક આસિફ શેખ પહેલગામ હુમલામાં સંડોવાયેલો હોવાની શંકા



**શ્રીનગર, તા. 25:** શુક્રવારે અધિકારીઓએ જણાવ્યું હતું કે પહેલગામ આતંકવાદી હુમલાના મુખ્ય શકમંદ સહિત બે લશ્કર-એ-તૈયબા (LET) આતંકવાદીઓના ઘરમાં વિસ્ફોટકોનો વિસ્ફોટ થયો હતો, જે વિસ્ફોટકો આ ઘરોમાં જ ભરીને રાખેલા હોવાનું કહેવાય

...અનુસંધાન પાના 11 પર

## 'સુઅર અને પાકિસ્તાનીઓ એલાઉડ નથી'

**ઈન્દોરમાં** પોસ્ટર લાગ્યા, દિલ્હીમાં 900થી વધુ માર્કેટોએ બંધ પાળ્યો

**ઈન્દોર, 25. (PTI).** ઈન્દોર શહેરની પ્રસિદ્ધ '56 દુકાન' ફૂડ સ્ટ્રીટના દુકાનદારોએ 22 એપ્રિલના




પહેલગામ આતંકી હુમલાના વિરોધમાં પાકિસ્તાન વિરુદ્ધ એક પોસ્ટર લગાવ્યું છે. પોસ્ટર પર અંગ્રેજીમાં મેસેજ હતો કે, "છપ્પન દુકનમાં ડુક્કર અને પાકિસ્તાની નાગરિકોને મંજૂરી નથી." તેમાં એક ગણવેશધારી પાકિસ્તાની સૈન્ય

...અનુસંધાન પાના 11 પર

## પાકિસ્તાની રેન્જર્સે ત્રીજા દિવસે પણ બીએસએફ જવાનને સોંપવાથી ઈન્કાર કર્યો

**પાકિસ્તાની** રેન્જર્સે ફ્લેગ મીટિંગની માગ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી

**બીએસએફ** જવાન ક્યાં છે તેનો પણ કોઈ જવાબ આપ્યો નથી

**નવી દિલ્હી, તા. 25 (PTI):** પાકિસ્તાન રેન્જર્સે શુક્રવારે સતત ત્રીજા દિવસે પણ બીએસએફના એર જવાનને સોંપવાનો ઈનકાર કર્યો હતો, જે અજાણતા સીમાની બીજી બાજુ ભટકીને પહોંચી ગયો હતો અને તે અત્યારે ક્યાં છે તે અંગે કોઈ માહિતી આપી ન હતી હતી, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

182મા બોર્ડર સિક્યુરિટી ફોર્સના (બીએસએફ) જવાન, કોન્સ્ટેબલ પૂર્ણમ સાહુને બુધવારે પંજાબના ફિરોઝપુર જિલ્લામાં ખેતરમાંથી રેન્જર્સ દ્વારા પકડવામાં આવ્યા હતા.

સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું હતું કે બીએસએફએ તેના જવાનને મુક્ત કરાવવા માટે અનેક સંપર્કો

...અનુસંધાન પાના 11 પર


**ત્રાસવાદ અંગે પાકિસ્તાનના મંત્રીની મોટી કબૂલાત**

## અમેરિકાના ઈશારે ત્રીસ વર્ષથી ત્રાસવાદને મદદ કરવાનું ગંદુ કામ કરી રહ્યા હતા

**પાક.** સંરક્ષણ મંત્રીએ એક મીડિયા ઇન્ટરવ્યુમાં કહ્યું કે આ પાકિસ્તાનની ભૂલ હતી અને તેના બદલ તેણે સહન પણ કરવું પડ્યું છે

**ઈસ્લામાબાદ, તા. 25 :** ભારતના લાંબા સમયના અભિગમને વાજબી ઠરાવે તેવી એક ટિપ્પણીમાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે એક મીડિયા ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે પાકિસ્તાન છેલ્લા ત્રીસ વર્ષથી અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશોના ઈશારે ત્રાસવાદને મદદ કરવાનું ગંદુ કામ કરતું આવ્યું હતું.

પાકિસ્તાની સંરક્ષણ મંત્રીએ સ્પષ્ટપણ કબૂલ્યું હતું કે તેમનો દેશ છેલ્લા ત્રીસ વર્ષથી ત્રાસવાદીઓને ટેકો અને તાલીમ આપી રહ્યો હતો, જો કે તેમણે આ માટે અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશોને જવાબદાર ગણાવ્યા હતા. તેમની આ ટિપ્પણીઓ એવા સમયે આવી છે જ્યારે ૨૬નો ભોગ લેનાર પહેલગામ આતંકવાદી હુમલા



માટે આડકતરી રીતે પાકિસ્તાન જવાબદાર હોવાનો આક્ષેપ ભારતે કર્યો છે. જ્યારે ઓસ્ટ્રેલિયના સ્કાય ન્યૂઝના પત્રકાર યલ્દા હકીમે ત્રાસવાદી સંગઠનોને ટેકો આપવાના પાકિસ્તાનના ઈતિહાસ અંગે પ્રશ્ન પૂછ્યો તો ખ્વાજા આસિફે કહ્યું કે અમે અમેરિકા અને બ્રિટન સહિતના પશ્ચિમી દેશો માટે આ કામ છેલ્લા ત્રણ દાયકાથી કરતા આવ્યા છીએ. જો કે તેમણે ઝડપભેર તેના તરફ નિર્દેશ કર્યો હતો કે તે એક ભૂલ હતી અને પાકિસ્તાને તેના બદલ સહન પણ કરવું પડ્યું છે. જો અમે સોવિયેટ યુનિયન સામેના યુદ્ધમાં અને તેના પછી ૯/૧૧ના હુમલા

...અનુસંધાન પાના 11 પર

## પાકિસ્તાને નિયંત્રણ રેખા પર અનેક સ્થળોએ ગોળીબાર કર્યો

**ભારતે** મજબૂત વળતો જવાબ આપ્યો

ભારતીય સૈન્યના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કાશ્મીર ખીણમાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરી

નવી દિલ્હી, તા. 25: શુક્રવારે પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા (એલઓસી) પર અનેક સ્થળોએ ઉશ્કેરણી વગર ગોળીબાર કર્યો હતો, જે યુદ્ધવિરામ કરારનો ભંગ કરવાનો સ્પષ્ટ પ્રયાસ હતો, જેનો ભારતીય સેનાએ અસરકારક રીતે વળતો જવાબ આપ્યો હતો, એમ આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું. 'પાકિસ્તાને નિયંત્રણ

...અનુસંધાન પાના 11 પર

### સંયુક્ત રાષ્ટ્રોના વડાની ભારત, પાકિસ્તાનને મહત્તમ સંયમ રાખવાની અપીલ

**સંયુક્ત રાષ્ટ્રો.** સંયુક્ત રાષ્ટ્રોના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ ભારત અને પાકિસ્તાન વચ્ચેની પરીસ્થિતિ પર નજીકથી અને ચિંતા સાથે નજર રાખી રહ્યા છે અને બંને સરકારોને સંયમ રાખવા અને પરીસ્થિતિ વધુ બગડે નહીં તેની ખાતરી કરવા

...અનુસંધાન પાના 11 પર

## રેલવે ઈન્ફ્રા, કાશ્મીરી પંડિતો આતંકના નિશાના પર; સુરક્ષા દળો એલર્ટ પર

શ્રીનગર, તા. 24 (PTI). આતંકવાદીઓ રેલવેના સંવેદનશીલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કાશ્મીરી પંડિતો અને ખીણમાં કામ કરતા બિન-સ્થાનિક લોકો પર હુમલાની "સક્રિય યોજના" બનાવી રહ્યા હોવાના ઈનપુટ્સ બાદ સુરક્ષા દળો હાઈ એલર્ટ પર છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. 22 એપ્રિલના રોજ થયેલા જીવલેણ પહેલગામ હુમલા

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૫-૦૪-૨૦૨૫નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૮° સે. | ૨૬.૪° સે. | ૪૬% |

**સંસદ દ્વારા પસાર કરાયેલો કાયદો બંધારણમાન્ય હોવાની ધારણા હોય ત્યારે તેના પર બ્લેન્કેટ સ્ટે આપી ન શકાય: વક્ફ વિવાદમાં કેન્દ્રે સુપ્રીમને કહ્યું**

## વક્ફ કાયદા સામે સ્ટે સામે સુપ્રીમમાં કેન્દ્રનો વિરોધ

**કેન્દ્ર** સરકારે પોતાની ૧,૩૩૨ પાનાની પ્રાથમિક એફિડેવિટ સુપ્રીમ કોર્ટમાં રજૂ કરી

**વક્ફ** કાયદાની કેટલીક જોગવાઇઓ અંગે તોફાની ખોટા ખયાલો ઉપજાવી કાઢવામાં આવ્યા હોવાની રજૂઆત કરી

### ૨૦૧૩થી વક્ફની જમીનોમાં ૧૧૬ ટકાનો આઘાતજનક વધારો: સરકાર

સરકારે વર્ષ 2013થી વક્ફ મિલકતોમાં 116 ટકાનો આઘાતજનક વધારો થયો હોવાનો દાવો કર્યો હતો. વક્ફની જોગવાઇઓનો કથિત દુરુપયોગ ખાનગી અને સરકારી મિલકતો પર દબાણ કરવા માટે થવાના સંદર્ભમાં એફિડેવિટમાં કહેવાયું છે કે મુગલ યુગમાં, સ્વતંત્રતા પૂર્વેના સમયમાં અને સ્વતંત્રતા પછીના સમયમાં કુલ વક્ફ જમીનોનું સર્જન 18,29,163.896 એકર હતું, જ્યારે આઘાતજનક

...અનુસંધાન પાના 11 પર

### વક્ફ સંસ્થાઓમાં મુસ્લિમ સભ્યોની જ જંગી બહુમતિ હશે: કેન્દ્ર સરકાર

શુક્રવારે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એ દાવાને નકારી કાઢ્યો હતો કે સુધારેલા કાયદા હેઠળ વક્ફ સંસ્થાઓમાં મુસ્લિમો લઘુમતીમાં હશે અને કહ્યું હતું કે તેઓ ભારે બહુમતી ધરાવતા હશે. ૧,૩૩૨ પાનાની પ્રારંભિક કાઉન્ટર એફિડેવિટમાં કેન્દ્રના લઘુમતી બાબતોના મંત્રાલયે સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલ (CWC) અને રાજ્ય વક્ફ બોર્ડ (SWB) ની રચના સંબંધિત જોગવાઈઓનો ઉલ્લેખ કર્યો હતો અને

...અનુસંધાન પાના 11 પર

**નવી દિલ્હી, તા. 25 (PTI):** કેન્દ્ર સરકારે સુધારેલા વક્ફ કાયદાનો સુપ્રીમ કોર્ટમાં બચાવ કર્યો હતો અને સંસદ દ્વારા પસાર કરાયેલ જે કાયદો બંધારણીય રીતે માન્ય હોવાની ધારણા હોય તેના પર કોર્ટ દ્વારા સંપૂર્ણ મનાઇ હુકમ આપવાની બાબતનો વિરોધ કર્યો હતો. ૧,૩૩૨ પાનાના પ્રારંભિક સોગંદનામામાં, કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ ની માન્યતાને પડકારતી અરજીઓને ફગાવી દેવા વિનંતી કરી હતી જેની કેટલીક જોગવાઈઓની આસપાસ તોફાની ખોટા ખયાલો ઉપજાવી કાઢવામાં આવ્યા હોવાનું તેણે જણાવ્યું હતું. જ્યારે આ કેસોની સુનાવણી કરવામાં આવે ત્યારે તે કાયદા પર સંપૂર્ણ સ્ટે અથવા આંશિક સ્ટે તેની વિપરીત અસરો જાણ્યા વિના આપવાનું અનિચ્છનીય રહેશે, ખાસ કરીને આવા કાયદાઓની બંધારણીય માન્યતા હોવાની ધારણા હોય ત્યારે. એ મુજબ કેન્દ્રે રજૂઆત કરી હતી. પરિણામે, કેન્દ્રએ મુખ્ય ન્યાયાધીશ સંજીવ

...અનુસંધાન પાના 11 પર

